# સૂરજ એસ્ટેટનું નબળું લિસ્ટિંગ

મુંબઇઃ સૂરજ એસ્ટેટ ડેવલપર્સ લિમિટેડના શેરે મંગળવારે નિરાશાજનક માર્કેટ પ્રવેશ કર્યો હતો જેમાં રૂ. ૩૬૦ની ઇશ્યૂ કિંમતથી લગભગ છ ટકાનો ઘટાડો નોંધાયો હતો. બીએસઇ ખાતે શેરે રૂ. ૩૪૩.૮૦ પર પદાર્પણ કર્યું હતું, જે ઇશ્યુ ભાવ સામે ૪.૫ ટકાના ડિસ્કાઉન્ટ સાથે શરૂઆત કર્યા બાદ કંપનીનો શેર ૧૦ ટકા ઘટીને રૂ. ૩૨૩.૯૫ થયો હતો.